Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 10, Issue 1, June 2024
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના માનસિક હતાશાનો અભ્યાસ.

# A study of mental depression of students studying in general and science streams.

તન્વી જગુભાઈ ગામીત
પી.એચ.ડી. સંશોધનકર્તા,
મનોવિજ્ઞાન વિભાગ
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

## 1.પ્રસ્તાવના

મનોભારની તીવ્રતા અને તેનું પ્રમાણ ‘ખિન્નતા’ સર્જે તેવું બનતું હોય છે. ‘ખિન્નતા એ માનવીની એવી મન:સ્થિતિ છે કે જે માનવીમાં આંતરવૈયક્તિક સંબંધોની દ્રષ્ટિએ, આંતરક્રિયાની દ્રષ્ટિએ, સામાજિક સામેલગીરીની દ્રષ્ટિએ પીછેહઠનું વલણ જન્માવે છે.’ આવો વિદ્યાર્થી ગમગીતામાં સરી પડે છે,આંતરમુખ બની જાય છે, અને ક્રમશ: એવી એકલતા અને નિરાધારપ,ણાનો શિકાર બને છે; જે વિદ્યાર્થીને ઘેરી ઉદાસીનતાની ખીણ ઉપર લાવી મૂકે છે. ઘણીવાર વિધાર્થીને એવું લાગવા માંડે છે કે, જીવન સાવ વ્યર્થ ગયું, વિધાર્થીને તેમાંથી બહાર નીકળવાનો માર્ગ મળતો નથી, તેથી તે નિરાશ થઈ ભાંગી પડે છે. આજના સમયમાં વિદ્યાર્થીના જીવનમાં ખિન્નતા પહેલા આવવાની છે, કારણ કે આજના યુગમાં સ્પર્ધાનું પ્રમાણ વધવા લાગ્યું છે. અન્ય વિદ્યાર્થી કરતા આગળ થવા માટે હદ ઉપરાંત મહેનત કરી તેને પહોંચી વળવાની, તેનાથી આગળ નીકળી જવાની કોશિષ કરે છે, તે માટે વિદ્યાર્થીઓ વધારે નહીં વધારેને વધારે પ્રયત્ન પણ કરે છે અને પછી સફળતા પ્રાપ્ત ન થાય એટલે વિદ્યાર્થીઓ હતાશ-નિરાશ થાય છે અને પછી જીવન વિધાર્થીને વ્યર્થ લાગે છે. આ વ્યર્થતા વિધાર્થીમાં ઘેરી ઉદાસીનતા સર્જે છે.એકદમ હોંશિયાર વિધાર્થી ધોરણ 10માં બોર્ડમાં ત્રીજા ક્રમે આવે છે અને 11 સાયન્સમાં 51% માર્કસ આવે અને પછી 12 સાયન્સમાં ફેઇલ થાય, આ માટે અનેક પરિબળોમાંથી એક ડિપ્રેશન.

**1 . ખિન્નતા અર્થ અને ખ્યાલ :**

ખિન્નતાને અંગ્રેજીમાં **Depression** કહેવાય છે. **Depression** શબ્દ જ લેટિન ક્રિયાપદ **Deprimere** (ડીપ્રિમિયર) પરથી આવ્યો છે. જેનો અર્થ દબાવી દેવું એવો થાય છે.

**1.1 ખિન્નતાનો ખ્યાલ:-**

ડિપ્રેશન એક એવી બીમારી છે જેને સામાન્ય રીતે લોકો ગંભીર ગણતા નથી કારણ કે લોકો તેને મામુલી તણાવ, મૂડ ખરાબ છે, કામનો થાક વગેરેમાં ખપાવે છે. પરંતુ ડિપ્રેશન એક માનસિક રોગ છે જેમાં દર્દીમાં ઉદાસીનતા,એકલતા,નિરાશા અને પસ્તાવા જેવી હિન ભાવનાઓ લાગણીની અનુભૂતિ થાય છે. વ્યક્તિને લાગે કે દુનિયા તેના માટે નકામી છે, તે દુનિયામાં ભારરૂપ જિંદગી જીવી રહી છે. તે પોતાનો આત્મવિશ્વાસ ગુમાવી દે છે. આ પ્રકારની ભીતિ તેઓ અનુભવે છે.

ભૌતિક સુખ પાછળ ઘેલછામાં માનવી આજે આંતરિક સુખ હોય બેઠો છે. ડિપ્રેશન એનું જ પરિણામ હોઈ શકે.

આધુનિક યુગ ચિંતા અને હતાશાના યુગ સમાન છે. વધતું જતું જટિલતાભર્યું માનવજીવન શહેરીકરણ અને ઔદ્યોગિકરણને કારણે લગભગ દરેક વ્યક્તિ તનાવગ્રસ્ત જોવા મળે છે. આ તનાવના કારણે તે જે મનોભાવમાં પહોંચે છે તે છે ખીન્નતા. આજના સમયમાં અમેરિકા જેવા વિકાસશીલ દેશોમાં પણ એક કરોડ વ્યક્તિઓ છ મહિનામાં એકવાર ડિપ્રેશનનો ભોગ બને છે.

**1.2 ખિન્નતાની વ્યાખ્યા :**

"ખિન્નતા શરીર-મનના સંબંધનો તેમજ બધીજ માંદગીનો વિલક્ષણ કિસ્સો છે તે કોઈ એકાકી માંદગી કે દશા સૂચવતો બનાવ નથી. તેમાં અનેક વિકૃતિઓનું વિશિષ્ટ સંમિશ્રણ છે અને તે ભિન્ન ભિન્ન પ્રમાણમાં અસર પહોંચાડે છે." ફ્રેડરિક ગુડવીન

"Depression is a psychological disorder intense felling of sadness lack of energy and feeling of helpless and despair." રોબર્ટ બેરન.

ભારતીય યુવાનોમાં ઝડપથી વધી રહેલા માનિસક હતાશાના આંકડા દર્શાવે છે કે તે સમગ્ર દેશ માટે સમસ્યા બની ગઈ છે. ભારતમાં માનસિક સ્વાસ્થ્ય અંગે તાજેતરના વર્ષોમાં કરવામાં આવેલા અભ્યાસ અને સર્વેક્ષણોના આંકડા ચિંતાજનક છે. સર્વેના આંકડા દર્શાવે છે કે માનસિક હતાશાથી પીડિત યુવાનોની સંખ્યા દર વર્ષે વધી રહી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના મે 2020માં 18 થી 24

વર્ષની વયજૂથના 9.3% રિપોર્ટ યુવાનો ડિપ્રેશન અને ચિંતાથી પીડિત હતા. માર્ચ 2022માં આ આંકડો વધીને 16.8% થયો હતો. 2023ના પ્રારંભિક સર્વેક્ષણો દર્શાવે છે કે હાલમાં દેશની યુવા વસ્તીનો ¼ ભાગ કોઈને કોઈ સમયે ડિપ્રેશન, બેચેની અને ચિંતામાંથી પસાર થાય છે.આ આંકડા દર્શાવે છે કે દેશમાં માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ વધુને વધુ ગંભીર બની રહી છે. માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાંતો વધતી માનસિક બીમારી માટે વિવિધ કારણોને જવાબદાર માને છે. કિશોરીમાં વધતી ઉદાસીનતાના કારણોમાં માતા-પિતા દ્વારા બાળકો પાસેથી ઊંચી અપેક્ષાઓ, કારકિર્દી બનાવવાનું દબાણ, વધતી જતી સ્પર્ધા, આવેગજન્ય વર્તન, અભ્યાસમાં પાછળ રહેવું, યુવાનીમાં ભાવનાત્મક સંબંધો, પરિસ્થિતિ માટે પોતાને જવાબદાર ગણવાની માનસિકતા, સામાજિક દબાણ, યોગ્ય કાળજી અને સુવિધાઓ અને સહાયક પ્રણાલીનો અભાવ, માદક દ્રવ્યો અને સાયકોએક્ટિવ પદાર્થો વગેરેનું સેવન મુખ્ય માનવામાં આવે છે.

**1.3 સારવાર:**

ખિન્નતાના દર્દીના સારવારના સારા પરિણામ આવે છે. તેની વિશિષ્ટ સારવાર ઉપલબ્ધ છે. આપઘાત કે ખૂનનો ભય હોય તો હોસ્પિટલમાં દાખલ કરાય છે. તેવી જ રીતે ખોરાક, કપડાં અને વસવાટ ન થઈ શકે તેવી સ્થિતિ હોય કે નિદાનલક્ષી તપાસ કરવાની હોય તોપણ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવા પડે છે. મંદ તીવ્રતાવાળા ખિન્નતાના દર્દીને વારંવાર તપાસીને સારવાર કરાય છે. તેને હોસ્પિટલમાં દાખલ કરવો જરૂરી હોતો નથી.સારવારનો મુખ્ય આધાર દવાઓ છે. વીજ-આંચકીકારી ચિકિત્સા ( Electro convulsive therapy, ECT ) ખૂબ અસરકારક રહે છે. દવાઓ અને ECTની સાથે મનોચિકિત્સા( Psychotherapy ) પણ અપાય છે.

**2. સંબંધિત સાહિત્યનું વિશ્લેષણ ( સમીક્ષા) :**

1.ક્ષમા નેનુજી(2024) એ નાની ઉંમરે તરૂણોમાં આક્રમકતા અને ખિન્નતાનું જોખમકારક પ્રમાણ જોવા મળે છે એ અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનામાં ડો.ધારા દોશીના માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્ય કર્યું છે.ક્રોધ અને જનૂન માણસને મારી શકે છે, આક્રમકતાએ ક્રોધથી વધારે છે. ઇન્ટરનેટ, મોબાઈલ સાધનોનો ઉપયોગ વધવાને કારણે તરૂણોમાં સતત આક્રમકતાનું પ્રમાણ વધી રહ્યું છે. જેમાં હરિફાઈભર્યા જીવનમાં તરુણો સતત દબાણ અનુભવે છે. આ સંશોધનમાં પણ આવો જ એક અભ્યાસ કરવામાં આવ્યો છે. આ સંશોધનના પરિણામ દર્શાવે છે કે તરુણ કે તરુણી બંનેમાંથી આક્રમકતા કેટલા પ્રમાણમાં તેમજ ખિન્નતા કેટલાક પ્રમાણમાં છે. જેના પરિણામમાં

તરુણ અને તરૂણીઓમાં આક્રમકતા નું પ્રમાણ એકસરખું જોવા મળ્યું. જ્યારે ખિન્નતાનું પ્રમાણ જોઈએ તો તરુણીઓમાં ખિન્નતા વધુ જોવા મળી હતી. આ ઉંમરમાં તરૂણીઓમાં શારીરિક, માનસિક ઘણા પરિવર્તન થતા હોય છે.

2. સુભાષ એમ.વણકર (2020) એ ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની હતાશાનો તેમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો. જેમાં ઈડર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળામાં સંશોધન કરતા ધોરણ- 12 ના વિદ્યાર્થીઓ પસંદ કરેલ છે. જેમાં ગ્રામીણ વિસ્તારની 7 શાળાઓ અને શહેરી વિસ્તારની 3 શાળાઓ એમ કુલ 10 શાળાઓનો સમાવેશ થાય છે.જેમાં નિર્દેશમાં 100 વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યો છે.સંશોધકે સ્વરચિત ઉપકરણ ‘પરીક્ષા-માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સંશોધન શૈક્ષણિક મનોવિજ્ઞાનનું છે અને વ્યવહારિક પ્રકારનું સંશોધન છે. સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિમાં શાળાકીય સર્વેક્ષણ નો ઉપયોગ કરવામાં આવ્યો છે. અભ્યાસના તારણો પરથી જાણવા મળ્યું કે ગ્રામ્ય વિસ્તારની ધોરણ-12ની છોકરીઓની પરીક્ષા-હતાશા અને તેમની શૈક્ષણિક સિદ્ધિ પરસ્પર સંબંધિત નથી. તેમ જ બંને રાશિ વચ્ચેનો સંબંધ નહિવત છે. સંશોધનની મર્યાદા એ છે કે સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે ફક્ત ઈડર તાલુકાની માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. અને આણંદ તાલુકાની 10 ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ 11 ના 100 વિદ્યાર્થીઓ પૂરતું મર્યાદિત છે.

3. જે. કે. અજવાની(1985) એ ખિન્નતા અને આક્રમકતાનો પ્રત્યક્ષીકરણની ખામીઓ સાથેના સંબંધનો અભ્યાસ કર્યો હતો. સંશોધનમાં નિદર્શ તરીકે ખિન્નતા અને આક્રમકતાનો પ્રત્યક્ષીકરણની ખામીઓ સાથેનો સંબંધ તપાસવા 400 હાઇ સ્કૂલના વિદ્યાર્થીઓ ઉપર આ અભ્યાસ હાથ ધર્યો હતો, જેમાં આક્રમકતા 10 % ઉચ્ચ પ્રાપ્તાંકો અને 80% નિમ્ન પ્રાપ્તાંકો વાળા વિદ્યાર્થીઓ પસંદ કર્યા હતા. સંશોધકે કાઈવર્ગ ઉપયોગ કર્યો હતો. તારણોમાં જાણવા મળ્યું કે ઓછી આક્રમકતા ધરાવતા વિદ્યાર્થીઓ કરતા વધુ આક્રમકતા ધરાવતા વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થીમાં પ્રત્યક્ષીકરણ ની ખામી વધુ જોવા મળે છે.

**3. સંશોધનના હેતુઓ:**

1. સામાન્ય અને વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના માનસિક ખિન્નતા અંગે જાણકારી મેળવવી.

2. સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા છોકરાં અને છોકરીઓનો માનસિક ખિન્નતાના અંગે જાણકારી મેળવવી.

**ઉત્કલ્પનાઓ:** પ્રસ્તુત અધ્યયનમાં સ્વતંત્ર પરિવર્ત્ય જેવા કે જાતિ(સ્ત્રી અને પુરુષ) અને પ્રવાહ ( સામાન્ય અને વિજ્ઞાન) ને ધ્યાનમાં રાખીને નીચે મુજબ શૂન્ય ઉતકલ્પનાઓ બાંધવામાં આવી છે.

**Ho1:** સામાન્ય અને વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના માનસિક ખિન્નતાના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

**Ho2 :** સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા છોકરાંઓ અને છોકરીઓના માનસિક ખિન્નતાના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

**4.પ્રક્રિયા પદ્ધતિ અને સંશોધન ડિઝાઇન:**

**સંશોધનના પરિવર્ત્ય:-**

| **ક્રમ** | **પરિવર્ત્ય** | **સંશોધનમાં સમાવિષ્ટ પરિવર્ત્ય** |
|---|---|---|
| 1. | **સ્વતંત્ર પરિવર્ત્ય** | **જાતિ 1. છોકરાંઓ<br>2. છોકરીઓ<br>પ્રવાહ 1. સામાન્ય<br>2. વિજ્ઞાન** |
| 2. | **અવલંબી પરિવર્ત્ય** | **માનસિક ખિન્નતા** |
| 3. | **નિયંત્રિત પરિવર્ત્ય** | **વિધાર્થીઓની સંખ્યા<br>1. છોકરાંની સંખ્યા<br>2. છોકરીની સંખ્યા** |

**સંશોધન ડિઝાઇન:**

યાદચ્છીક બે સમૂહ ડિઝાઇનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સમષ્ટિ/ અભ્યાસ ક્ષેત્ર:

પ્રસ્તુત સમસ્યાનો અભ્યાસ કરવા સુરત શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાના 17 વર્ષથી વધુ વયના 120 જેટલાં વિધાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નિદર્શ અને નિદર્શન:-**

**પ્રસ્તુત સમસ્યાનો અભ્યાસ કરવા સુરત શહેરના ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા 17 વર્ષથી વધુ વયના વિધાર્થીઓને સહેતુક નમૂના દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા.**

નમૂનામાં સમાવિષ્ટ પંસદ થયેલ છોકરા અને છોકરીની સંખ્યા દર્શાવતું કોષ્ટક

| પ્રવાહ | છોકરાં | છોકરી | કુલ |
|---|---|---|---|
| સામાન્ય | 30 | 30 | 60 |
| વિજ્ઞાન | 30 | 30 | 60 |
| કુલ | 60 | 60 | 120 |

**પરિવર્ત્યનું નિયંત્રણ:**

પ્રસ્તુત સમસ્યાનો અભ્યાસ કરવા સુરત શહેરના ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા 17 થી વધુ વયના વિદ્યાર્થીઓને યાદચ્છીક પદ્ધતિ દ્વારા પરિવર્ત્યનું નિયંત્રણ કરીને વૈજ્ઞાનિક રીતે માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

**5. માહિતીનું એકત્રીકરણ:**

સફળ સંશોધન માટે માહિતી એકત્રીકરણના સાધનોની પસંદગી ખૂબ મહત્વની હોય છે. કોઈ પણ સંશોધનની સફળતા મોટા ભાગે ઉપયોગમાં લેવાતા સાધનો પર આધારિત છે.

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવાની હોવાથી સૌપ્રથમ વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવામાં આવશે. આ યાદીમાંથી વિદ્યાર્થીઓને યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવશે. પસંદ થયેલા વિદ્યાર્થીઓ પાસેથી રૂબરૂ હાજર રહી માહિતી મેળવવા માટેનો અગાઉથી સમય મેળવી લેવામાં આવશે. સંશોધક દરેક વિદ્યાર્થીઓ સાહચર્ય સ્થાપિત કરી કસોટી અંગેની જરૂરી સૂચના અને માર્ગદર્શન આપશે. ત્યારબાદ દરેક વિદ્યાર્થીઓને કસોટી આપવામાં આવશે. તેમજ વિદ્યાર્થીઓને જરૂરી જણાય ત્યારે માર્ગદર્શન આપવામાં આવશે. ત્યારબાદ વિદ્યાર્થીનો આભાર માની તેમની પાસેથી કસોટી લઈ લેવામાં આવશે.

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓ પાસેથી માહિતી એકત્રીકરણ કરવા માટે નીચે દર્શાવેલ સાધનોનો ઉપયોગ કરવામાં આવશે. 1. વ્યક્તિગત માહિતી પત્રક:-

વિદ્યાર્થીઓના વ્યક્તિગત પરિવર્ત્ય જેવા કે જાતિ(સ્ત્રી અને પુરુષ) અને પ્રવાહ(સામાન્ય અને વિજ્ઞાન) વગેરેને લગતી માહિતી એકત્રિત કરવા માટે વ્યક્તિગત માહિતી પત્રક નો ઉપયોગ કરવામાં આવ્યો.

2.માનસિક ખિન્નતા કસોટી:- પ્રસ્તુત સંશોધનમાં સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓના માનસિક ખીન્નતાનો અભ્યાસ કરવા એલ.એન.દૂબે રચિત માનિસક ખિન્નતા કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો. આ કસોટીમાં કુલ 50 વિધાનો છે. જેમાં દરેક વિધાન સામે 2 વિકલ્પ આપેલા છે હા/ના . તે 12 થી 45 વર્ષની વયના લોકોની માનસિક ખિન્નતાને માપે છે. આ સંશોધનિકાના સમગ્ર પ્રાપ્તાંક પરની યથાર્થતા શિક્ષકોના સંદર્ભમાં 41 અને વાલીઓના સંદર્ભમાં 39 છે. જ્યારે વિશ્વસનીયતા કસોટી પુનઃ કસોટી દ્વારા 64 અને અર્ધવિચ્છેદન કસોટી દ્વારા 69 જેટલી દર્શાવી છે. તે 12 થી 45 વર્ષની વયના લોકોની માનસિક ખિન્નતાને માપે છે.

**6. માહિતીનું આકડાંશાસ્ત્રીય વિશ્લેષણ:**

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયેલ માહિતીનું સ્કોરિંગ કી ના આધારે મૂલ્યાંકન કરી નીચે મુજબની આંકડાકીય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો.

"t પરિક્ષણ" :-

જાતિ (સ્ત્રી અને પુરુષ) અને પ્રવાહ (સામાન્ય અને વિજ્ઞાન) ના માનસિક ખિન્નતાના માપન માટે પ્રાપ્ત થયેલા પ્રાપ્તાંકોનું જાતિ અને પ્રવાહના આધારે મધ્યક, પ્રમાણિત વિચલન અને ટી-ગુણોત્તર શોધવામાં આવ્યો. તેમજ ચકાસણી 0.05 ની સાર્થકતા ની કક્ષાએ તપાસવામાં આવ્યું.

**8.પરિણામની ચર્ચા અને અર્થઘટન**

**ટેબલ: 1**

**સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓના માનસિક ખિન્નતાના**

પ્રાપ્તાંકોના અનુસંધાને મધ્યક, પ્રમાણિત વિચલન અને "ટી" મૂલ્ય દર્શવાતો કોષ્ટક

| જૂથ | કુલ સંખ્યા | મધ્યક | પ્રમાણિત વિચલન | "t" મૂલ્ય | Sign |
|---|---|---|---|---|---|
| સામાન્ય | 60 | 19.1 | 9.46 | -3.68 | 0.05 |
| વિજ્ઞાન | 60 | 29.41 | 19.29 | | |

કોષ્ટક 1 માં જોતાં જણાય છે કે, સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓના માનસિક ખિન્નતાના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી. અહીં શૂન્ય ઉતકલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ વચ્ચે સરેરાશ મૂલ્ય અનુક્રમે 19.1 અને 29.41 અને SD 9.46 અને 19.29 છે. જે દર્શાવે છે કે તેમાં કોઈ નોંધપાત્ર તફાવત જોવા મળતો નથી. આમ, સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓમાં માનસિક ખિન્નતા સમસ્યા જોવા મળે છે.

**ટેબલ: 2**

સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા છોકરાં અને છોકરીઓનો માનસિક ખિન્નતાના પ્રાપ્તાંકોના અનુસંધાને મધ્યક, પ્રમાણિત વિચલન અને "ટી" મૂલ્ય દર્શવાતો કોષ્ટક

| જૂથ | કુલ સંખ્યા | મધ્યક | પ્રમાણિત વિચલન | "t" મૂલ્ય | Sign |
|---|---|---|---|---|---|
| કુમાર | 60 | 19.1 | 91.11 | 4.20 | 0.05 |
| કન્યા | 60 | 12.28 | 66.75 | | |

ઉપરોક્ત કોષ્ટક જોતાં જણાય છે કે સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા છોકરાં અને છોકરીઓનો માનસિક ખિન્નતાના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.અહીં શૂન્ય ઉતકલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં છોકરાં અને છોકરીઓ વચ્ચે સરેરાશ મૂલ્ય અનુક્રમે 19.1 અને 12.28 અને SD 91.11અને 66.75 છે. જે દર્શાવે છે કે તેમાં કોઈ નોંધપાત્ર તફાવત જોવા મળતો નથી. આમ, સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં છોકરાં અને છોકરીઓમાં માનસિક ખિન્નતા સમસ્યા જોવા મળે છે.

**9. તારણો:-**

1. સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓમાં માનસિક ખિન્નતા સમસ્યા જોવા મળે છે.
2. સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં છોકરાં અને છોકરીઓમાં માનસિક ખિન્નતા સમસ્યા જોવા મળે છે.

**10. સંશોધનનું મહત્વ:-** પ્રસ્તુત સંશોધનમાં સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓના માનસિક ખિન્નતાનો અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓને સંશોધન પાત્ર તરીકે સમાવવામાં આવશે. પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓના માનસિક ખિન્નતા અંગેની માહિતી મેળવવામાં આવશે. આ સંશોધન અન્ય વિદ્યાર્થીઓ, કોલેજો અને શિક્ષણ વિભાગને મદદરૂપ થશે. પ્રસ્તુત અભ્યાસમાં ફક્ત 120 વિદ્યાર્થીઓને જ પસંદ કરવામાં આવ્યા છે. તેનાથી વધુ મોટા નિર્દેશ પર અભ્યાસ હાથ ધરી શકાય. શિક્ષકો,વાલીઓ અને બૌદ્ધિક લોકોને આ અભ્યાસ મદદરૂપ થઈ શકે.

**11.સંદર્ભ સૂચિ:**


1. રાજેશ મણિયાર-જાન્યુઆરી,2010.- “ખિન્નતા” (આર્ટિકલ)
2. ક્ષમા નેનુજી(2024) : નાની ઉંમરે તરૂણોમાં આક્રમકતા અને ખિન્નતા અંગેનો અભ્યાસ.
3. સુભાષ એમ.વણકર (2020) : ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની હતાશાનો તેમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ.
4. જે. કે. અજવાની(1985) : ખિન્નતા અને આક્રમકતાનો પ્રત્યક્ષીકરણની ખામીઓ સાથેના સંબંધનો અભ્યાસ.
5. Gujarati.oneindia.com પ્રકાશક- પ્રકાશ કુમાર ભવાનજી. 11 September,2023
6. Arjun pathways.in/india.com. પ્રકાશક- અર્જુન કુન્ટ. 16 November,2023